Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-2, September-2019
Impact Factor:4.081
www.researchguru.net

# સૌરાષ્ટ્રની વિચરતી જાતિઓના જીવનની પરિસ્થિતિ અને સમસ્યાઓ

## (બજાણિયા, વાદી, મદારી, ગાડલિયા અને સરાણિયાના સંદર્ભમાં)

ભલુ જે. શેખ
Ph.D. વિદ્યાર્થી, સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અને સંશોધન મદદનીશ, ટી.આર.ટી.આઈ., ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

*ટૂંકસાર*

*ભારત દેશ હંમેશા વિવિધતાની વચ્ચે એક્તા રાખીને ટકી રહ્યો છે, તેનું સ્પષ્ટ અને સંપૂર્ણ પ્રતિબિંબ ભારતના બંધારણમાં પડેલું જોવા મળે છે, જેમાં પ્રત્યેક નાગરિકને જ્ઞાતિ, જાતિ, વર્ગ, ભાષા કે ધર્મના ભેદભાવ વિના સમાન રીતે હક અને સ્વતંત્રતા આપવામાં આવી છે. તેમ છતાં કેટલાક ઐતિહાસિક કારણોસર ભારતમાં એવા વર્ગો પણ છે જેમને ભારતના મોટા ભાગના નાગરિકો જે મૂળભૂત હક-અધિકાર ભોગવે છે તેનાથી વંચિત રાખવામાં આવ્યા છે. આવા વંચિત વર્ગોમાં સૌથી વધુ વંચિત વર્ગો છે વિમુક્ત, વિચરતી અને અર્ધવિચરતિ જાતિઓ. આજે દેશમાં તેઓની લગભગ ૧૨ ટકા વસ્તી છે. વર્ષોથી કચડાયેલી, ગુલામીદશા ભોગવતી, ભૂખમરો અને પ્રાથમિક સુવિધાઓના તદ્દન અભાવમાં સબડતી આ જાતિઓ પ્રત્યે સરકાર અને સમાજ દ્વારા દુર્લક્ષ સેવવામાં આવ્યું છે.*

*વિચરતી જાતિઓના ઉદ્દભવ અંગે જુદા જુદા મંતવ્યો જોવા મળે છે, જેમાં લૂંટફાટ અથવા રાજ્ય કબ્જે કરવા માટેનું આક્રમણ, ધર્માંતર કે ધર્મના ફેલાવા માટેનું આક્રમણ, કુદરતી આફતો, ઔદ્યોગિકરણ તેમજ અન્ય કારણોનો સમાવેશ થાય છે, જ્યારે ગુનેગાર જાતિઓની ઉત્પત્તિ માટે બ્રિટિશ સરકાર અને દેશી રાજાઓની કૂટનીતિને જવાબદાર ગણવામાં આવે છે. અંગ્રેજોએ સમગ્ર દેશ પર પોતાની હકૂમત સ્થાપવામાં તેઓનો વિરોધ કરનાર આ લડાયક અને બહાદુર જૂથોને નિયંત્રિત કરવા અને વન્ય સંપદાના અમૂલ્ય ભંડારો પર કબ્જો મેળવવા માટે દેશી રાજાઓને વિશ્વાસમાં લઈને અસંખ્ય વિમુક્ત જાતિઓ ઉપરાંત વિચરતી અને અર્ધવિચરતી જાતિઓને અસામાજિક (ગુનેગાર) ઠરાવીને અમાનવિય પરિસ્થિતિમાં ધકેલી દીધી હતી.*

*આજે વિચરતી જાતિઓનું પરિભ્રમણ ભારતમાં ગંભીર કટોકટીનો સામનો કરી રહેલ છે. ઇતિહાસમાં જોઈશું તો ખૂબ લાંબા સમયગાળાથી સ્થળાંતરિતો હંમેશાં હાંસિયામાં ધકેલાઈ ગયા છે, એટલે કે સીમાન્ત જીવન જીવી રહ્યા છે. અગાઉની ઘણી ગૌચર જમીનો આજે ખેતરો થઈ ગયા છે, તેથી પશુઓ પર નિર્ભર આ જાતિઓના સંસાધનોથી તેમને વંચિત કરાયા છે, તેમની આજીવિકા ઝૂંટવાઈ ગઈ છે. અર્થતંત્રના અને શહેરીકરણના વિસ્તરણની સાથે અનેક કાયદા અને નીતિઓના અમલીકરણથી વિચરતા સમુદાયોની આજીવિકા ઝૂંટવાઈ છે. નવી વૈશ્વિક આર્થિક વ્યવસ્થામાં આવા પરંપરાગત રીતે જીવન વિતાવતા સમુદાયોને તેમનું સ્વાયત્ત જીવન જીવવા માટેનો ભાગ્યે જ કોઈ અવકાશ બચ્યો છે, આથી જ ભૂતકાળના લોક કલાકારો (નટ, બજાણિયા, વાદી, મદારી વગેરે) આજે ભિક્ષુકો જેવું જીવન વીતાવે છે.*

*સ્વતંત્ર ભારતમાં સરકાર દ્વારા આ જાતિઓને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોનો દરજ્જો આપીને તેમના વિકાસ અને વૃદ્ધિ માટેના નવા માર્ગો ઉપલબ્ધ કર્યા છે, તેમ છતાં તે માર્ગો અધૂરા અને અપૂરતા છે. સમયાંતરે રચાયેલ વિવિધ પંચો અને સમિતિઓના અહેવાલો અને ભલામણોનું જે કંઈ આંશિક પ્રમાણમાં અમલીકરણ થાય છે, તેમાં આ સમુદાયો હંમેશા બાકાત રહી જવા પામ્યા છે. ભારતમાં વિચરતી જાતિઓની ચોક્કસ સંખ્યા હજી નક્કી થઈ શકી નથી. આ સમુદાયોની મુખ્ય સમસ્યાઓમાં આવાસ, કાયમી વ્યવસાય, ખોરાક, પાણી, વિજળી, શિક્ષણ, આરોગ્ય સેવાઓ વેગેરે પાયાની સુવિધાઓનો તદ્દન અભાવ જોવા મળે છે. સરકાર અને સમાજે તેમના પ્રત્યેની માનસિકતા બદલીને તેમના હક-અધિકારો અને સન્માન આપીને સ્વસ્થ-સક્ષમ સમાજના નિર્માણ માટે વિકાસની પ્રક્રિયામાં તેમને સાથે જોડવા જોઈશે.*

***ચાવીરૂપશબ્દો:****વિચરતી જાતિઓ, વિમુક્ત જાતિઓ, બજાણિયા, વાદી, મદારી, ગાડલિયા, સરાણિયા.*

## ૧.૦ પ્રસ્તાવનાઃ

ભારતમાં અને ગુજરાતમાં વિકાસની દ્રષ્ટિએ પછાત જાતિઓ કે સમુદાયોમાં આદિજાતિઓ (અનુસૂચિત જનજાતિઓ), દલિતો (અનુસૂચિત જાતિઓ), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ (બક્ષીપંચ/ઓબીસી/ એસઈબીસી) તેમજ વિચરતા-વિમુક્ત સમુદાયો મુખ્ય છે. ગુજરાતમાં અનુસૂચિત જનજાતિની કુલ ૨૫ જાતિઓ આવેલી છે, જેમાં ૫ આદિમજૂથોનો સમાવેશ થાય છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં તેઓની વસ્તી ૮૯,૧૭,૧૭૪ જેટલી છે, જે રાજ્યની કુલ વસ્તીમાં ૧૪.૭૫ ટકા પ્રમાણ ધરાવે છે. ગુજરાતમાં અનુસૂચિત જાતિમાં મુખ્ય અને પેટાજાતિઓ મળીને કુલ ૯૦ જેટલા સમુદાયો વસવાટ કરે છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં તેઓની વસ્તી ૪૦,૭૪,૪૪૭ જેટલી છે, જે રાજ્યની કુલ વસ્તીના ૬.૭૪ ટકા છે. (પટેલ ભ., 2011)

અન્ય પછાત વર્ગો (બક્ષીપંચ સૂચિત જાતિઓ) સમાજના પછાત વર્ગના સમૂહો છે. ગુજરાતમાં અન્ય પછાત વર્ગોની યાદીમાં હાલની સ્થિતિએ ૧૪૨ જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવેલ છે. (http://sje.gujarat.gov.in/ddcw, 2019) અન્ય પછાત વર્ગોએ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ કરતા અલગ સમૂહો છે. હિન્દુ તેમજ મુસ્લિમ સમાજ વ્યવસ્થામાં કેટલાક સામાજિક જૂથો ગરીબી, નિરક્ષરતા, શોષણ, અન્યાય, નીચો સામાજિક દરજ્જો અને અધિકારોના ભોગવટાથી વંચિતપણું અનુભવતા રહ્યા છે, આથી આઝાદી બાદ સરકાર દ્વારા આવા સમૂહોને "અન્ય પછાત વર્ગો" તરીકે ઓળખી કાઢી તેઓના સર્વાંગિણ વિકાસ માટેના પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે.

વિચરતી-વિમુક્ત જાતિઓની સ્થિતિ અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગો કરતા પણ આજે વધુ કફોડી છે, કારણ કે આજ દિન સુધી તેમના પ્રત્યે ખાસ કોઈનું ધ્યાન ગયું નથી. વિચરતી જાતિઓ હંમેશા ધંધા-રોજગાર અર્થે વિચરણ કરતી હતી. આધુનિક સમાજ વ્યવસ્થામાં વિકાસના બદલાયેલા ખ્યાલોએ આજે તેમને અતિ પછાત સમુદાયોની હરોળમાં ધકેલી દીધા છે. ગુજરાતમાં વિચરતી - વિમુક્ત કુલ મળીને ૪૦ જાતિઓ આવેલી છે. (નિયામક વ. જ., 2019) સતત પરિભ્રમણ અને ભાગદોડને કારણે તેમની ચોક્કસ વસ્તી જાણી શકાઈ નથી, તેમ છતાં ગુજરાતમાં તેઓની કુલ ૪૦ જાતિઓની અંદાજે ૪૦ લાખથી વધુ વસ્તી હોવાનું અનુમાન છે, (પટેલ મ., ૨૦૦૬) જેનું પ્રમાણ રાજ્યની કુલ વસતિમાં ૭ ટકા જેટલું છે, જેમાંથી કાળક્રમે ૨૦ લાખ જેટલા લોકો સ્થિર થયા છે અને ૨૦ લાખ લોકો વિચરણ અથવા અસ્થાયી તંબુ-ઝૂંપડામાં રહે છે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત તથા મધ્ય ગુજરાતમાં તેમની વસતિ વધુ છે.

ભારતમાં એક અંદાજ મુજબ વિચરતા અને વિમુક્ત સમુદાયોની વસતિ કુલ વસતિના ૧૦ ટકા જેટલી છે. રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં તેમની વસતિ અન્ય રાજ્યો કરતા વધુ છે. (પટેલ મ., ૨૦૦૬, પૃ. ૦૧) ભારતમાં ૩૧૩ વિચરતી જાતિઓ અને ૧૯૮ વિમુક્ત જાતિઓ આવેલી છે, સમગ્ર ભારતમાં તેઓની અંદાજે ૬૦ મિલિયન વસ્તી છે. (Rathod, 2014) બીજા એક મત અનુસાર ભારતમાં વિચરતા-વિમુક્ત સમુદાયોની વસ્તી ૧૦ કરોડ જેટલી હોવાનું અનુમાન છે. (Dash, 2016, p. 08) ફોરવર્ડ પ્રેસના ઉલ્લેખ અનુસાર ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ દેશમાં વિમુક્ત અને વિચરતી જાતિઓની ૧૫ કરોડ જનસંખ્યા વસવાટ કરે છે. વ્યવસાયિક સમાજકાર્યના વિવિધ ક્ષેત્રોમાં આજે વિચરતી-વિમુક્ત જાતિઓનું નવું ક્ષેત્ર ઉમેરાયું છે.

## ૧.૧ સમસ્યા કથન અને વિષય પસંદગી:

આપણે ત્યાં પછાત ગણાતા વર્ગો પૈકી કેટલાક જનસમુદાયો એવા છે કે જેમનું પાકું સરનામું આજે પણ નથી, કારણ કે ગામમાં તેમના ઘર નથી, સીમમાં ખેતર કે ધંધા-રોજગાર માટેનું કોઈ કાયમી કે ચોક્કસ સ્થળ નથી. તેઓ સૌ મોટા ભાગે ગામ કે શહેરની ભાગોળે કે થોડે દૂર સીમ વગડે તંબુ કે કાચા ઝૂંપડા બાંધીને વસવાટ કરે છે. અહીં પણ તેઓ સ્થાઈ તો રહેતા જ નથી. ચોમાસા દરમિયાન જ્યાં તેમનો કાયમી પડાવ હોય તેમાં રહે છે, બાકીના આઠ મહિના તેઓ ગામો ગામ ધંધાર્થે સમગ્ર કુટુંબ-

કબીલા સાથે સતત પરિભ્રમણ કરતા રહે છે, જે વિચરતી જાતિઓ તરીકે ઓળખાય છે.

વિચરતી જાતિઓ એ કોઈ એક પ્રકારના લોકોનો વર્ગ નથી, પરંતુ તેઓ દરેક સામાજિક, સાંસ્કૃતિક તેમજ ધંધાકીય રીતે એકબીજાથી અલગ અલગ ખાસિયતો ધરાવતી વિવિધ જાતિઓ છે. વિચરતી જાતિઓમાં પરંપરાગત નાના-મોટા વેપારીઓ તેમજ દૂર-દુરાન્ત સુધી સામાન લઈ જનારા એક જમાનાના માલવાહકો (બંજારા અથવા વણઝારા, હિંગોરા, અગરિયા, લમાણ), કેટલાક અમૂલ્ય સાંસ્કૃતિક પાસાંઓને પેઢી-દર પેઢી સાચવી રાખનારા અને તેનું જતન કરનારા કલાકારો (ભવૈયા, તૂરી, ચારણ, ભાટ, માંગનિયાર, કાલબેલીયા, બેડિયા, કોલાટી), વિવિધ કળા કૌશલ્ય ધરાવતા કસબી- કારીગરો (ઓડ, સલાટ, વડર, જોશી, મણિયાર, લખેરા, સિકલીગર, ગાડલિયા-લુહારીયા), એક જમાનાના મોટા ધંધાદારીઓ (ઓડ, બેલદાર, વાઘરી (દેવીપૂજક), સાંસી-છારા, કંજર, ગુજર), રજવાડાંઓ અને જમીનદારોના જમાનાના નાના ખેડૂતો અને છૂટક મજૂરી કરનારાઓ (ચામઠા, કોટવાળિયા, પારધી, કોળી, કાથોડી), સમાજમાં નાની-મોટી મનોરંજન સેવાઓ પૂરી પાડનારા (વાદી, મદારી, નટ, બજાણિયા, બહુરૂપિયા, કબૂતરા, પારધી, દરવેશ, બહેલીયા, ડોંબારી) તેમજ સદીઓ સુધી સમાજની ધર્મધારાઓની સાથે જ સાહિત્ય ધારાઓનું પણ જતન કરતા આવેલા અનેક પંથોના જોગીઓ-વેશધારીઓ (બાવા, જોગી, નાથપંથી, ગોંધળી, વાસુદેવ, ગરો, ભોપા) ઉપરાંત અલગ અલગ પંથકના પશુપાલકોનો સમાવેશ થાય છે. (આચાર્ય, ૨૦૦૬)

વર્ષો અગાઉ આ સમુદાયોની સમાજમાં ભારે બોલબાલા હતી. સમાજમાં તેમનું સ્થાન સન્માનજનક અને ગૌરવપૂર્ણ હતું. ટેલિવિઝન, સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારની સગવડ નહોતી ત્યારે સમાજને જરૂરી ચીજવસ્તુઓ, સેવાઓ અને મનોરંજન પૂરું પાડવાનું કામ સમાજમાં વિચરતા-વિમુક્ત સમુદાયો કરતા હતા. વિજ્ઞાનની અવનવી શોધો, ટેકનોલોજી તથા વિકાસના નુતન ખ્યાલોએ પરંપરાગત સમાજના માળખાઓને ધરમૂળથી બદલી નાખ્યા છે. આધુનિક યુગમાં મુડીવાદ અને ભૌતિકવાદે માનવજાતની સૈકાઓ જૂની સામાજિક વ્યવસ્થા અને સમાજજીવનનાં મૂલ્યોને પાયામાંથી ઉખેડી નાખ્યા છે, ત્યારે સતત પરિભ્રમણ કરનારા આ સમુદાયો બદલાતા સમયમાં વિકાસના વહેણની સાથે ચાલી શક્યા નહીં.

આધુનિક ટેક્નોલોજી, વિજ્ઞાનની શોધો અને સમાજના વિવિધ બદલાવો સાથે વિચરતા-વિમુક્ત સમુદાયોના પરંપરાગત વ્યવસાયો વેર-વિખેર થઈ ગયા છે, બંધ થઈ ગયા છે, તો કેટલાક બંધ થવામાં છે. સમાજની બદલાયેલી વ્યવસ્થાઓ અને વિકાસની આંટાઘૂંટીઓમાં આ સમુદાયો સતત અટવાતા રહ્યા છે, એટલું જ નહિ તેઓ અન્યાય, તિરસ્કાર અને જુલ્મ-દમનનો ભોગ બનતા રહ્યાં છે. આજે વિચરતા સમુદાયોની સ્થિતિ તમામ પછાત સમુદાયોમાં સૌથી વધુ ખરાબ અને દયાજનક બનવા પામી છે. સામાજિક કાર્યકર અરવિંદ આચાર્યએ વિચરતા-વિમુક્ત સમુદાયો આધારિત પોતાના પુસ્તકમાં આ સમુદાયોને "સરનામા વગરના માનવી" કહ્યા છે, તો ગુજરાતમાં આ સમુદાયો માટે પાયાનું કામ કરનાર મિત્તલ પટેલ તેઓને વંચિતોથીયે વંચિત ગણાવે છે.

**૧.૧.૧ વિચરતી જાતિઓ**

રોજી રોટી માટે સમગ્ર કુટુંબ-કબીલા સાથે સતત પરિભ્રમણ કરનારી જાતિઓને વિચરતી જાતિ તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાં હાલ કુલ ૨૮ વિચરતી જાતિઓ વસવાટ કરે છે, તેઓને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા વિકસતી જાતિઓની યાદીમાં સામેલ કરવામાં આવેલ છે. ગુજરાતમાં વસવાટ કરતી ૨૮ વિચરતી જાતિઓ અને તેના પર્યાય શબ્દો નીચે મુજબ છે.

૨૮ વિચરતી જાતિઓમાં બજાણિયા (બાજીગર, નટ-બજાણિયા, નટ, નટડા), ભાંડ, ગારૂડી, કાથોડી (કતકરી), નાથ (ભરથરી, નાથ બાવા), કોટવાળિયા, તુરી, વિટોળિયા, વાદી (જોગીવાદી, મદારી), વાંસફોડા, બાવા-વૈરાગી, ભવૈયા (તરગાળા, નાયક, ભવાયા, ભોજક), ગરો (ગરોડા), મારવાડા વાઘરી (મારવાડા, બાવરી), ઓડ, પારધી (પારાધી), રાવળીયા (રાવળ,

રાવળયોગી), સિકલીગર, સરાણિયા, વણઝારા-શિનાંગવાળા અને કાંગસીવાળા (વણઝારા), જોગી, ભોપા, ગાડલિયા (ગાડી લુહારીયા, લુવારીયા, લુહારીયા), કાંગસિયા, ઘંટિયા, ચામઠા (નટડા), ચારણ-ગઢવી (ફક્ત જૂના વડોદરા રાજ્ય પ્રદેશના) અને સલાટ ઘેરાનો સમાવેશ થાય છે. (નિયામક વ. જ., 2019)

વિચરતી જાતિઓ ભૂતકાળમાં સમાજના એક અનોખા અને વિશિષ્ટ અંગ સમાન હતી. સમાજમાં તેઓના મહત્વની દ્રષ્ટિએ તેમને મુખ્ય બે વર્ગોમાં વહેંચી શકાય. જેમાં એક સમાજનું મનોરંજન કરનારો વર્ગ અને બીજો સમાજને સેવા પૂરી પાડવાનું કામ કરતો હતો. આ દરેક સમુદાયો પોતાના અલગ અલગ કૌશલ્યો આધારિત વ્યવસાયો માટે જીવનપર્યંત ફરતા રહેતા હતા. મનોરંજન કરનારા દરેક સમુદાયો જૂથોમાં વહેંચાઈને અલગ અલગ વિસ્તારો વહેંચી લેતા હતા. એક જૂથ બીજા જૂથના વિસ્તારમાં તેની પરવાનગી વિના મનોરંજનની પ્રવૃતિ કરી શકે નહિ તેવા નિયમો હતા, જેથી બધા જૂથોને રોજી-રોટી અને લોકોને મનોરંજન મળી રહે. આ સમુદાયોના મનોરંજન કરવાના સ્થળો અને સમય લગભગ પૂર્વ આયોજીત રહેતા હતા. જૂથનો વડો ૧૦-૧૫ દિવસ અગાઉ જે-તે ગામ આગેવાનોને મળીને મનોરંજનના કાર્યક્રમ અંગેની જાણ કરતો હતો. ગામ લોકો પણ તેમની રાહ જોતા હોય. આથી તેઓ હર્ષભેર તેમનું સ્વાગત કરતા ને કાર્યક્રમ માટે તમામ અનુકુળતાઓ કરી આપતા હતા.

મનોરંજન માટેના કાર્યક્રમનો દિવસ નક્કી થતા જ સમગ્ર ગામ અને આસપાસના વિસ્તારમાં ખુશીનુ મોજું ફરી વળતું હતું. કાર્યક્રમ રાત્રિના સમયે ગામમાં ચોરા (સૌને અનુકુળ સ્થળ) પર યોજવામાં આવતો હતો. આ કાર્યક્રમ બાળકોથી માંડીને વૃધ્ધ સુધીના તમામ લોકો મનભરીને નિહાળતા અને યથાશક્તિ દાન-દક્ષિણા આપતા હતા. આ રીતે આ જૂથો આયોજન મુજબના એક પછી એક ગામમાં કાર્યક્રમો યોજતા હતા. આ સમુદાયો અવનવા ખેલ-કાર્યક્રમો થકી સખત મહેનત-મજૂરી સાથે એકધારું જીવન જીવતા લોકોના જીવનમાં આનંદ અને નવી ચેતના ઉજાગર કરીને સુખેથી પોતાની રોજી-રોટી મેળવતા હતા. સમાજને મનોરંજન પૂરું પાડનારા સમુદાયોમાં ભવૈયા, નટ, બજાણીયા, ભાંડ, વાદી, મદારી, નાથ, ભરથરી, તુરી વગેરેનો સમાવેશ થાય છે.

વિચરતા સમુદાયોનો બીજો વર્ગ સમાજને વિવિધ સેવાઓ પૂરી પાડવાના કામોમાં જોડાયેલો હતો, જેમાં વાંસફોડા, કાંગસિયા, સરાણિયા, ગાડલિયા, દેવીપૂજક(વાઘરી), ઘંટીયા, સલાટઘેરા, ચામઠા અને રાવળ મુખ્ય છે. ગાડલિયા, દેવીપૂજક(વાઘરી) તથા કેટલાક સરાણિયા ખેડૂતોને ખેતી કામમાં જોઈતા બળદ તથા લોખંડના ઓજારો પૂરું પાડવાનું કામ કરતા હતા. સરાણિયા ઘરકામમાં વપરાતા છરી-ચપ્પાની ધાર કાઢવાનું કામ પણ કરતા હતા. કાંગસિયા સીસમના લાકડામાંથી કાંસકી બનાવીને ગામે ગામ ફરીને વેચતા હતા. વણઝારા અને રાવળ ગધેડા પર મીઠું ભરીને ગામે ગામ પહોંચાડતા હતા. લુહાર ગામે ગામ જઈને લોખંડના ઓજારો અને વાસણો રિપેર કરતા હતા. વાંસફોડા વાંસમાંથી સૂંડલા, ટોપલાં બનાવવાનું કામ કરતા, જ્યારે ઘંટીયા તથા ચામઠા ઘંટી ટાંકવાનું તથા વેચવાનું કામ કરતા હતા.

આ ઉપરાંત રાજા રજવાડાના સમયમાં યુધ્ધો વખતે લશ્કરી કાફલા કે ખાસ પ્રકારના સંઘના કાફલા સાથે ઘોડા, હથિયાર અને ગાડાઓની મરામત માટે વિચરતા સમુદાયનાં લોકો રહેતા હતા. ટૂંકમાં વિચરતા સમુદાયોએ સમાજમાં ખાસ પ્રકારની કલા-કૌશલ્ય આધારિત કામગીરી અને વિશિષ્ટ જરૂરિયાતો સંતોષવાનુ કામ કર્યું છે.

**૧.૧.૨ વિચરતી જાતિઓની હાલની પરિસ્થિતિ અને સમસ્યાઓ**

સમાજમાં એક એવી સમજ છે કે જે રીતે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ કે અન્ય પછાત વર્ગની જાતિઓ હોય છે, તે જ રીતે આ એક વિચરતી-વિમુક્ત જાતિઓનો ચોથો સમૂહ છે, પરંતુ વિચરતી-વિમુક્ત જાતિઓ પહેલા ત્રણ પ્રકારની જાતિઓથી એકદમ અલગ છે, છતાં સરકારમાં પણ વિચરતી-વિમુક્ત જાતિઓને પહેલા ત્રણ પ્રકારની જાતિઓ પૈકી કોઈને કોઈ વર્ગમાં

સામેલ કરવામાં આવેલી છે. ગુજરાતની કુલ ૪૦ વિચરતી-વિમક્ત જાતિઓમાંથી કેટલીક અનુસૂચિત જાતિ, કેટલીક અનુસૂચિત જનજાતિ તો કેટલીકને બક્ષીપંચ સૂચિત જાતિઓમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે, આથી સામાન્ય સમાજથી ખૂબ અલગપણું અને સતત વિચરણ કરનારી આ જાતિઓ વિકાસના આયોજીત કાર્યક્રમોથી વંચિત રહી જવા પામી છે.

ગુજરાતમાં હાલ વસવાટ કરતી કુલ ૪૦ વિચરતી-વિમુક્ત જાતિઓ પૈકી વિચરતી જાતિઓ અંગે જોઈએ તો તેઓ સામેની સૌથી મુખ્ય સમસ્યા એ છે કે તેમની ગઈકાલ અને આજ વચ્ચે બહું મોટો તફાવત ઉભો થયો છે. પહેલાના સમયમાં આખી સમાજ રચનામાં ફેલાયેલા તેમના પરંપરાગત કલા-કસબ આધારિત વ્યવસાયો બદલાતા સમયની સાથે આજે લગભગ બંધ થઈ ગયા છે, તો કેટલાક બંધ થવામાં છે. વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે મનોરંજનના આધુનિક સાધનો આવતા મનોરંજન પૂરૂં પાડનારા કલાકારો (ભવૈયા, તુરી, ચારણ, ભાટ, મદારી, નટ, બજાણીયા, બહુરૂપી વગેરે) આજે લોકોને જોવા પણ ગમતા નથી. સમાજના વિકાસ સાથે આ સમુદાયો પ્રત્યેનો સમાજનો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો છે. લોકોનો તેમના પ્રત્યેનો અણગમો, તિરસ્કાર, શંકાનો ભાવ અછતો રહેતો નથી. ઘણા ગામોમાં તો આગેવાનોએ તેમને ગામમાં ખેલ કરવા દેવાની મનાઈ કરી દીધી છે.

વાદી અને મદારી સાપ, રીંછ, માંકડું વગેરે વન્યજીવો દ્વારા મનોરંજન તથા જાદુના ખેલ બતાવી પોતાની રોજી-રોટી કમાતા હતા. વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ, ૧૯૭૨ અંતર્ગત સાપ, રીંછ, માંકડું વગેરે વન્યજીવો પકડવા પર પ્રતિબંધ લદાયો હતો. વાદી-મદારીઓના પરંપરાગત વ્યવસાય અને રોજી-રોટીને ધ્યાનમાં રાખી તેમને આ પ્રતિબંધમાંથી બાકાત રખાયા હતા, પરંતુ ૧૯૯૦માં એનીમલ રાઈટ્સ ગૃપના પ્રયાસોથી વાદી-મદારીઓને પણ આ કાયદો લાગુ કરી દેવાથી તેઓની પરંપરાગત રોજી-રોટી છીનવાઈ ગઈ છે. (પટેલ મ., ૨૦૧૦) આજે તેઓ મજૂરી અથવા સાધુ-બાવાનો વેશ ધારણ કરીને ભીક્ષા માંગવાનું કામ કરે છે.

બીજી બાજું સમાજને જરૂરી ચીજ-વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડનારી જાતિઓની પણ આવી જ હાલત થઈ છે. આ જાતિઓમાં વાંસફોડા, કાંગસિયા, સરાણિયા, ગાડલિયા, ઘંટિયા, સલાટઘેરા, ચામઠા, રાવળ, વણઝારા, ઓડ વગેરે મુખ્ય છે. વાંસફોડા વાંસમાંથી સૂંડલા, ટોપલા, ટોપલી, છાબડી વગેરે બનાવીને પેટ ગુજારો કરતા હતા. આજે પ્લાસ્ટિક, સ્ટીલ અને લોખંડનું ચલણ વધવાથી લોકો તે ચીજ-વસ્તુઓ ખરીદવાનું વધુ પસંદ કરે છે. મોટી ફેક્ટરીઓમાં બનતા પ્લાસ્ટિક કે લોખંડના ટોપલા, ટોપલી કરતા વાંસમાંથી હાથ વડે બનાવેલ ટોપલા, ટોપલીની કિંમત લોકોને મોંઘી લાગે છે. સીસમના લાકડામાંથી કાંસકી બનાવનાર કાંગસિયાની હાલત પણ આવી જ થઈ છે. પ્લાસ્ટિકમાંથી બનતા વિવિધ પ્રકારના કાંસકા, કાંસકીએ કાંગસિયાનો પરંપરાગત વ્યવસાય સાવ તોડી નાખ્યો છે. હાલમાં તેઓ બજારમાંથી તૈયાર ચીજ-વસ્તુઓ લાવીને ગામે ગામ ફરીને વેચવાનું કામ કરે છે, પરંતુ આજે ગામે ગામ કટલરીની દુકાનો થઈ જતા કાંગસિયા પાસેથી કાંસકા, કાંસકી, બંગડી વગેરે ચીજ-વસ્તુઓ મોટાભાગે કોઇ ખરીદતું નથી.

સરાણિયા ગામે ગામ ફરીને છરી-ચપ્પાને ધાર કાઢવાનું તેમજ ખેતીમાં ઉપયોગી બળદો પૂરા પાડવાનું કામ કરતા હતા. આજે પાંચ-દસ રૂપિયામાં નવું ચપ્પુ મળતું હોય ત્યારે બે-પાંચ રૂપિયા આપીને છરી-ચપ્પાની ધાર મોટાભાગે કોઈ કઢાવતું નથી. ખેતીમાં ટ્રેક્ટરનું ચલણ વધતા ખેડૂતોને બળદ સાચવવા મોંઘા અને કંટાળારૂપ લાગે છે, વળી ખેત ઓજોરો બનાવતી કંપનીઓના અત્યાધુનિક ઓજારો વડે ઓછા સમયમાં ઝટપટ થતા ખેતી કાર્યોથી ખેડૂતો બળદને બદલે ટ્રેક્ટરથી ખેતીકાર્યો કરવાનું વધુ પસંદ કરે છે. ઘંટિયા કે ઘેરા સલાટનો વ્યવસાય પણ આજે ચાલે તેમ નથી. ઈલેક્ટ્રીક ઘંટીઓ આવતા હાથથી ચાલતી ઘંટીઓ લગભગ નકામી બની ગઈ છે. પહેલા રાવળ કે વણઝારા ગધેડા પર મીઠું ભરીને ગામે ગામ ફરીને વેચતા હતા. આજે અનેક કંપનીઓના લોભામણી જાહેરાતો સાથે સુંદર પેકીંગમાં દળેલા મીઠું આવતા રાવળ કે વણઝારાનું આખુ મીઠું કોઈ ખરીદતું નથી. મોટી-

મોટી કંપનીઓના ઢગલાબંધ ઉત્પાદનો અને રૂપકડા-લોભામણા મોલ કલ્ચરે લાખોની સંખ્યામાં આજીવિકા મેળવતા પરંપરાગત વ્યવસાયિકોના ધંધા-રોજગારને ગંભીર અસરો પહોંચાડી છે.

આ સમુદાયો પોતાના મંદ કે બંધ થયેલા પરંપરાગત ધંધા-રોજગારો માટે સતત રઝળપાટ કરીને થાકી ગયા છે. આજે કોઈ નવા ધંધા-રોજગાર અને નવા જીવન માટે સ્થાયી થવા ઈચ્છે છે, તો લોકો તેમને કોઈ ગામમાં રહેઠાણ માટે સ્વીકારવા તૈયાર નથી. ગામ કે શહેરની ભાગોળે કે થોડે દૂર ઝાડી-ઝાંખરાવાળી વેરાન અને અસુરક્ષિત જગ્યા પર ઘાસ-પાનના વેર-વિખેર ઝૂંપડામાં ધોધમાર વરસાદ, વાવાઝોડા, કડકડતી ઠંડી કે ઉનાળાના બળબળતા તાપમાં વૃધ્ધો, સગર્ભાઓ અને તેમના નવજાત કુમળા બાળકો કેમ જીવી શકતા હશે? ત્યાં નથી પાકુ મકાન, રસ્તા, વિજળી, પાણી, શાળા, આરોગ્યની સુવિધાઓ કે સામાજિક સુરક્ષા. આ અગવડતા, અભાવ અને અલિપ્તતા વચ્ચે તેઓ ૨૧મી સદીના ભારતે હાંસલ કરેલા સુખ, શાંતિ અને સગવડતાઓને માણી શકતા હશે? ના બિલકુલ નહી, માણવાનું તો દૂર રહ્યું, જાણવાનું પણ મુશ્કેલ છે.

મૂળ તેઓની પાસે ઓળખના કોઈ આધારો નથી. સરકારના વિકાસલક્ષી કાર્યક્રમોનો લાભ લેવા માટે રેશનકાર્ડ, મતદાર કાર્ડ, આધાર કાર્ડ, જન્મ તારીખનો દાખલો, જાતિ પ્રમાણપત્ર વગેરે આધારોની જરૂર પડે છે, જે પૈકી તમામ આધારો આ સમુદાયોમાં મોટા ભાગના લોકો પાસે નથી. કોઈ સમાજ કાર્યકરોની સલાહથી જો કોઈ પરિવાર કોઈ ગામમાં સ્થાયી થવા પ્રયાસો કરે તો ગામ લોકો તેમને ગામમાંથી હાંકી કાઢે છે. તેઓને પોતાના ગામમાં કાયમી રહેઠાણ માટે સ્પષ્ટ મનાઈ કરવામાં આવે છે. ગામ લોકોને એવો ડર છે કે જો તેઓ ગામના નાગરિક બની જશે તો કાયમી ઘર કરી જશે તથા ગામની વ્યવસ્થા અને સુખ-શાંતિ ખોરવી નાખશે. પોતાના ગામનું મતદાર કાર્ડ ન આપવું પડે એટલે સુરેન્દ્રનગર જિલ્લાના કેટલાય ગામોમાંથી ડફેર, વાઘરી(દેવીપૂજક) તથા વાદી પરિવારોને ગામ લોકોએ કાઢી મૂક્યાના બનાવો બન્યા છે. વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM), અમદાવાદના પ્રયાસોથી ધીમે-ધીમે મતદાર કાર્ડ, રેશન કાર્ડ, આધાર કાર્ડ, જાતિ પ્રમાણપત્ર વગેરે આધારો મળતા થયા છે. છેલ્લા કેટલાક સમયથી રાજકીય પ્રતિનિધિઓની વિચરતી જાતિઓના વિશાળ સંખ્યામાં રહેલા મતો પર નજર જતા તેઓ હવે લોકોને સામે ચાલીને માત્ર મતદાર કાર્ડ કઢાવી આપે છે, આથી આજે લગભગ તમામ લોકો પાસે મતદાર કાર્ડ ઉપલબ્ધ થયા છે.

વર્ષ ૨૦૦૬માં સૌરાષ્ટ્રમાં રાજકોટ પાસેના ગૌરીદડ ગામે ખરાબાની જમીનમાં વસતા ૯૦ જેટલા વાદી પરિવારોના તંબુ પર કલેક્ટર કચેરી દ્વારા બુલડોઝર ફેરવી તોડી પાડવામાં આવ્યા હતા. બેઘર બનેલા વાદી સમુદાયના લોકોએ સાથે મળીને રાજકોટ પાસે અલગ વસાહતની જમીન મેળવવા માટે સરકાર અને સમાજ સામે વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૮ દરમિયાન સફળ આંદોલન કર્યું હતું, જેના પરિણામ સ્વરૂપ ૯૭ પરિવારોને રોજકોટ જિલ્લાના પારેવાળા ગામે આવાસ માટેનો પ્લોટ તથા આવાસ, પાણી, વિજળી, શાળા, આંગણવાડી વગેરે સુવિધાઓ પ્રાપ્ત થઈ હતી. પારેવાળા વાદી વસાહતમાં શરૂઆતમાં શાળા ન હોવાથી વાદી બાળકોને ગામની શાળામાં દાખલ કરવાની ગ્રામજનોએ ના પાડી દીધી. વિચરતા સમુદાય સમર્થન મંચ, અમદાવાદની શિક્ષણ વિભાગ, ગાંધીનગરમાં રજૂઆત બાદ પ્રવેશોત્સવના આગલા દિવસે શાળાના શિક્ષકોએ વાદી વસાહતમાં જઈને બાળકોને શાળામાં દાખલ કરી જવાનું કહ્યું. શાળા પ્રવેશોત્સવના દિવસે ૧૦ થી ૧૫ વાદી સ્ત્રી-પુરુષો પોતાના બાળકોને લઈને શાળાએ ગયા તો ગામલોકોએ બાળકો પર પથ્થરમારો કર્યો. બે બાળકો ગંભીર રીતે ઘાયલ થયા ત્યારે તાત્કાલિક સારવાર માટે ૧૦૮ પર એમ્બ્યુલન્સની મદદ લેવામાં આવી.

અતિ પછાત ગણાતી જાતિના ઈતિહાસમાં કોઈએ શાળા જોઈ નથી, એવી વાદી જાતિની માતાઓ પોતાના નાનકડાં બાળકોને શાળાએ જવા માટે મનાવી-ફોસલાવી તૈયાર કરે છે, જાત જાતના સ્વપ્નાઓ બતાવે છે, એવા કોડભર્યા કુમળા બાળકોના પ્રથમ દિવસે શાળા પ્રવેશ કરે તે પહેલાં

જ ગામલોકોના પથ્થરમારાને કયા શબ્દોમાં મુલવવો? આ ઘટના ફરજીયાત પ્રાથમિક શિક્ષણ, RTE-૨૦૦૯, બાળ અધિકારો અને શિક્ષણ અંગેની ઝુંબેશો સામે અનેક સવાલો ખડા કરી દે છે. આવા અત્યાચારો, ભેદભાવ અને અલગાવભરી વૃતિ ક્યાં સુધી? શું આ સમુદાયો સાથેના અમાનવીય વર્તન-વ્યવહારથી સમાજ શાંતિથી રહી શકશે? ભૂતકાળની છાપ તો ક્યાંક વ્યવસાયિક અને સામાજિક નીચા દરજ્જાને ધ્યાનમાં રાખી લોકોનું તેમની નવી પેઢી સાથેનું શંકા-કુશંકા, ભેદભાવ અને તિરસ્કારભર્યું વર્તન બિલકુલ યોગ્ય નથી. આજે તેઓ પોતાની ખરડાયેલી જૂની છાપ ભૂંસવા માંગે છે. બદલાતા સમયના વહેણ સાથે તેઓ પણ પરિવર્તન ઝંખે છે. તેઓ પણ પોતાના બાળકોને ભણાવી ગણાવીને સારા નાગરિક બનાવવા માંગે છે. આજે તેઓ રઝળપાટ વિનાનું જીવન છોડીને સારા ધંધા-રોજગાર કરીને સ્થિર અને શાંતિમય જીવન જીવવા માંગે છે, ત્યારે સમાજે તેઓને અપમાનિત કે તિરસ્કૃત કરવાને બદલે સહાનુભૂતિ અને સહાયરૂપ થવું જોઈએ. આપણી જ તેમના પ્રત્યેની અલગતાવાદી, ભેદભાવયુક્ત, અત્યાચાર અને તિરસ્કારભરી વૃતિ તેમને ફરી અસામાજિક અને ગુન્હાહિત પ્રવૃતિઓમાં ધકેલી ન દે તે અંગે પણ સમાજે વિચારવું જાઈએ.

સમાજકાર્ય વ્યવસાયમાં સમાજમાં પાછળ રહી ગયેલા, વંચિતો, છેવાડાના, કચડાયેલા, દબાયેલા કે દમનનો ભોગ બનેલા લોકોની સમસ્યાઓ અને તેની સમસ્યા નિવારણની પ્રક્રિયા અંગે સઘન શિક્ષણ-પ્રશિક્ષણ આપવામાં આવે છે. વ્યાવસાયિક સમાજકાર્ય દરેક વ્યક્તિનો આદર, ગૌરવ, વૈયક્તિક અને તેનામાં જન્મજાત રહેલી શક્તિઓમાં અતૂટ વિશ્વાસ ધરાવે છે. તે વ્યક્તિઓને અસમાનતા, ભેદભાવ, શોષણ અને પછાતપણામાંથી મુક્ત કરીને યોગ્ય તકો અને હકો દ્વારા સમાજમાં સામાજિક ન્યાય અને સમાનતાલક્ષી વાતાવરણ ઊભું કરવાના પ્રયાસો કરે છે. ગુજરાતના વિચરતા સમુદાયો પર અભ્યાસ કરી તેમની અમાનવિય અને દયાજનક પરિસ્થિતિ પર પ્રકાશ પાડી તેમના પ્રત્યે સામાન્ય જનમાનસમાં માનવીય અભિગમ કેળવી શકાય. આ ઉપરાંત અભ્યાસ દ્વારા આ ક્ષેત્રે સામાજિક કાર્ય કરતી સંસ્થાઓને પણ નવી માહિતી અને જ્ઞાન મળશે, જેના દ્વારા આ સમુદાયોને સંગઠિત તેમજ સામાન્ય જનસમુદાય સાથે સંવાદિતાભર્યું વાતાવરણ ઊભું કરીને પૂર્વગ્રહ, શંકા અને ભેદભાવયુક્ત વ્યવહારો દૂર કરી શકાય તેમ છે. આ સાથે વિચરતા સમુદાયોની પોતાના વિશેની સમજણ પણ વધશે, આથી તેમની સમસ્યા નિવારણની પ્રક્રિયા વધુ ગતિશીલ બનશે. આમ, આવા અનેક ઉમદા હેતુસર સંશોધક ઘણા અંશે વણખેડાયેલી આ સમસ્યાને વાચા આપવા માંગે છે, આશા છે કે આવા નાના-નાના પ્રયાસો થકી અજાણી અતિગંભીર વાસ્તવિકતાઓને નવું બળ અને દિશા મળશે.

આ રીતે પ્રસ્તુત અભ્યાસ "**સૌરાષ્ટ્રની વિચરતી જાતિઓના જીવનની પરિસ્થિતિ અને સમસ્યાઓ -એક અભ્યાસ (બજાણિયા, વાદી, મદારી, ગાડલિયા અને સરાણિયાના સંદર્ભમાં)**" પસંદ કરવામાં આવેલ છે. આ અભ્યાસ દ્વારા ગુજરાતની કુલ ૨૮ વિચરતી જાતિઓમાં વધુ પછાત અને દયાજનક સ્થિતિ ધરાવતી ૫ જાતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જેમાં બજાણિયા, વાદી, મદારી, ગાડલિયા અને સરાણિયા જાતિઓનો સમાવેશ થાય છે.

**૧.૨ અભ્યાસના હેતુઓ:**

૧.૨.૧ વિચરતા સમુદાયોની સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને આરોગ્યલક્ષી સ્થિતિ જાણવી.

૧.૨.૨ બદલાતા સમાજમાં વિચરતા સમુદાયોના પરંપરાગત ધંધા-રોજગાર પર થયેલી અસરો અને આર્થિક સ્થિતિ જાણવી.

૧.૨.૩ વિચરતા સમુદાયના લોકો ખરેખર વિચરતા રહયા છે કે સ્થાયી જીવન જીવતા થયા છે, તેનાથી તેઓ શું મુશ્કેલીઓ અનુભવે છે તે જાણવું.

૧.૨.૪ વિચરતા સમુદાયના લોકોને સમાજ અને સરકારી તંત્ર દ્વારા કેવા અનુભવો થયા છે તે જાણવું.

૧.૨.૫ વિચરતા સમુદાયના લોકો પોતાનામાં શું બદલાવ ઇચ્છે છે અને તે માટે સમાજ અને

સરકાર પાસે શું મદદની અપેક્ષા રાખે છે તે જાણવું.

**૧.૪ અભ્યાસનું વ્યાપવિશ્વ:**

સંશોધન યોજનાને વ્યવસ્થિત સ્વરૂપ આપવામાં અને સ્પષ્ટ બનાવવા માટે વ્યાપ વિશ્વની સ્પષ્ટતા આવશ્યક બની જાય છે. પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતમાં વસવાટ કરતી ૨૮ વિચરતી જાતિઓ પૈકી સૌરાષ્ટ્રમાં વસવાટ કરતી વધુ પછાત ૫ વિચરતી જાતિઓ (બજાણિયા, વાદી, મદારી, ગાડલિયા અને સરાણિયા)ને પસંદ કરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં આવેલ ૧૧ જિલ્લાઓમાં સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, મોરબી, રાજકોટ, અમરેલી, જૂનાગઢ, ગીરસોમનાથ, પોરબંદર, જામનગર અને દેવભૂમિ દ્વારકાનો સમાવેશ થાય છે, જેમાં અભ્યાસ હેઠળની ૫ જાતિઓના આશરે ૪,૮૨૨ કુટુંબો અલગ અલગ વસાહતો કે ગામો-શહેરોમાં વસવાટ કરે છે. જો કે તેઓ બીજી મુલાકાત દરમિયાન તે જ ગામ કે વસાહતમાં મળશે તેમ ચોક્કસપણે કહી ન શકાય, કારણ કે તેઓ રોજગારીની શોધખોળ તેમજ સમાજની કનડગતના કારણે પોતાના રહેઠાણનું સ્થળ બદલતા હોય છે, પરંતુ તેમના સમુદાયના અમુક સદસ્યો પાસેથી સ્થળાંતરિત થયેલા સદસ્યોની માહિતી મળી શકે છે. આમ સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓની આ ૫ વિચરતી જાતિઓના ૪૮૨૨ કુટુંબોના વડા (સ્ત્રી-પુરુષ) અથવા પુખ્તવયની વ્યક્તિઓ આ અભ્યાસનું વ્યાપવિશ્વ બની રહે છે. (જુઓ આગળના પૃષ્ઠ ૫૨)

**૧.૫ નમૂના પસંદગી:**

પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્રમાં વસવાટ કરતી વધુ સંઘર્ષમય જીવન જીવતી ૫ વિચરતી જાતિઓને પસંદ કરવામાં આવી છે, જેમા સમાજને મનોરંજન પૂરું પાડતી ૩ અને જીવનજરૂરી ચીજવસ્તુઓ કે સેવાઓ પૂરું પાડતી ૨ મળીને કુલ ૫ જાતિઓનો આ અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ એટલે કે સૌરાષ્ટ્રમાં વસવાટ કરતી પાંચ જાતિઓના કુલ ૪,૮૨૨ કુટુંબોમાંથી ૫% મુજબ પદ્ધતિસરના યદચ્છ નિદર્શન (Systematic Random Sampling) દ્વારા ૨૪૧ કુટુંબો અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ માટે દરેક જિલ્લામાં વસવાટ કરતી જે-તે જ્ઞાતિની વસાહતમાં જ્ઞાતિના આગેવાનોને સાથે રાખી વસાહતના કુલ કુટુંબોની ક્રમવાર યાદી બનાવીને તેમાંથી ૫ ટકા મુજબના ઉત્તરદાતાઓ મેળવવા માટે ચોક્કસ અંતરના ક્રમે આવતા નામોને ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવેલ છે. નમૂના પસંદગી માટે દરેક જિલ્લા અને તેમાં વસવાટ કરતી દરેક જ્ઞાતિના ઉત્તરદાતાઓનું ૫% મુજબ પ્રતિનિધિત્વ જાળવવામાં આવ્યું છે. પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી હવે પછીના કોષ્ટકમાં જોઈ શકાય છે.

**ઉત્તરદાતાનો જિલ્લો, જાતિવાર કુલ કુટુંબો અને જાતિવાર નમૂનો દર્શાવતું કોષ્ટક (વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી)**

| ક્રમ | જિલ્લો | વિચરતી જાતિઓ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બજાણિયા | | વાદી | | મદારી | | ગાડલિયા | | સરાણિયા | | કુલ | |
| | | કુટુંબો | નમૂનો (૫%) | કુટુંબો | નમૂનો (૫%) | કુટુંબો | નમૂનો (૫%) | કુટુંબો | નમૂનો (૫%) | કુટુંબો | નમૂનો (૫%) | કુટુંબો | નમૂનો (૫%) |
| ૧ | સુરેન્દ્રનગર | ૮૦૨ | ૪૦ | ૪૫૨ | ૨૩ | ૫૫ | ૦૩ | ૧૧૮ | ૦૬ | ૨૦૦ | ૧૦ | ૧૬૨૭ | ૮૨ |
| ૨ | મોરબી | - | - | ૩૭૮ | ૧૯ | ૩૭ | ૦૩ | ૨૫૦ | ૧૨ | ૨૩૩ | ૧૨ | ૮૯૮ | ૪૬ |
| ૩ | રાજકોટ | ૪૫ | ૦૨ | ૨૦૧ | ૧૦ | - | - | ૩૮૮ | ૧૯ | ૧૧૫ | ૦૬ | ૭૪૯ | ૩૭ |
| ૪ | બોટાદ | ૧૧૮ | ૦૬ | - | - | - | - | ૫૫ | ૦૩ | ૮૦ | ૦૪ | ૨૫૩ | ૧૩ |
| ૫ | ભાવનગર | ૨૬ | ૦૧ | - | - | - | - | - | - | ૪૫ | ૦૨ | ૭૧ | ૦૩ |
| ૬ | અમરેલી | ૨૨૬ | ૧૧ | - | - | - | - | ૧૫૭ | ૦૮ | ૨૬૦ | ૧૩ | ૬૪૩ | ૩૨ |
| ૭ | જૂનાગઢ | ૧૬૩ | ૦૮ | - | - | ૫૧ | ૦૩ | ૩૫ | ૦૨ | ૧૭૦ | ૦૮ | ૪૧૯ | ૨૧ |
| ૮ | ગીર સોમનાથ | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૯ | જામનગર | ૨૪ | ૦૧ | - | - | - | - | ૧૧૦ | ૦૫ | ૨૮ | ૦૧ | ૧૬૨ | ૦૭ |
| ૧૦ | પોરબંદર | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૧ | દે.ભૂ. દ્વારકા | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| કુલ | | ૧૪૦૪ | ૬૯ | ૧૦૩૧ | ૫૨ | ૧૪૩ | ૦૯ | ૧૧૧૩ | ૫૫ | ૧૧૩૧ | ૫૬ | ૪૮૨૨ | ૨૪૧ |

**સ્રોતઃ** મિત્તલ પટેલ, ગુજરાતના વિચરતા-વિમુક્ત સમુદાયો અને સામાજિક કાર્યકરો તથા અભ્યાસમાં સમાવિષ્ટ ૫ વિચરતી જાતિઓના આગેવાનો પાસેથી મળેલ માહિતી

આમ, ઉપરોક્ત રીતે કોષ્ટકમાં દર્શાવેલ ૨૪૧ કુટુંબના વડાઓને ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવેલ છે. અભ્યાસ હેઠળની ૫ જાતિઓમાંથી કુલ ૨૪૧ ઉત્તરદાતાઓને જિલ્લા પ્રમાણે દરેક જાતિના કુલ કુટુંબોમાંથી ૫ ટકા ઉત્તરદાતા પદ્ધતિસરના યદૃચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવેલ છે.

**૧.૬ સંશોધન પધ્ધતિઃ**

સંશોધન પધ્ધતિ એ સંશોધન પ્રક્રિયાનો એક મહત્વનો ભાગ છે. કઇ સંશોધન પધ્ધતિઓ દ્વારા સંશોધન હાથ ધરવું તે અભ્યાસના હેતુઓ પર આધારિત છે. સમાજકાર્ય સંશોધનમાં સંશોધનની વિવિધ પધ્ધતિઓ છે. પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબની ગુણાત્મક અન સંખ્યાત્મક સંશોધન પધ્ધતિઓ ઉપયોગમાં લેવામાં આવી છે.

❖ **સર્વેક્ષણ પધ્ધતિ** (Survey Method)

સમાજકાર્ય, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, શિક્ષણ અને મનોવિજ્ઞાન સહિતના સામાજિક વિજ્ઞાનોમાં હાથ ધરાતા સંશોધનોમાં સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે. સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા મોટા કે નાના વ્યાપ વિશ્વમાંથી નમૂના પસંદ કરવા, તેમની પાસેથી પ્રશ્નાવલિ કે મુલાકાત અનુસૂચિ દ્વારા અભ્યાસના હેતુઓને અનુરૂપ માહિતી મેળવવી, મેળવેલી માહિતી પર પૃથ્થકરણો કરવા, વ્યાપ વિશ્વ વિશે પરિણામ મેળવવા વગેરે જેવા કાર્યો આ પધ્ધતિમાં હાથ ધરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં મુલાકાત અનુસૂચિ દ્વારા સૌરાષ્ટ્રની વિચરતી જાતિઓ પૈકી વધુ પછાત પાંચ જાતિઓના ૨૪૧ પસંદગી પામેલા પ્રતિનિધિરૂપ કુટુંબના વડાઓ અને જ્ઞાતિના આગેવાનો પાસેથી માહિતી મેળવીને, પૃથ્થકરણ કરીને સૌરાષ્ટ્રની વિચરતી જાતિઓ પૈકી બજાણિયા, વાદી, મદારી, ગાડલિયા અને સરાણિયા જાતિઓ પરના તારણો અને નિષ્કર્ષ મેળવવામાં આવેલ છે.

**૧.૭ માહિતી એકત્રીકરણની પ્રયુક્તિઓ (ઉપકરણો) :**

પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્રની વિચરતી જાતિઓ પૈકી વધુ પછાત પાંચ જાતિઓ (બજાણિયા, વાદી, મદારી, ગાડલિયા અને સરાણિયા)ના જીવનની સમસ્યાઓ અને પરિસ્થિતિ સંદર્ભે પ્રાથમિક અને ગૌણ માહિતી વિવિધ સ્ત્રોતો અને ઉપકરણો દ્વારા મેળવવામાં આવેલ છે. હવે પછી જોઈએ. પ્રાથમિક કે ક્ષેત્રિય સ્ત્રોતો પાસેથી માહિતી મેળવવા માટે મુલાકાત અનુસૂચિ, મુલાકાત, કેન્દ્રિત જૂથ ચર્ચા અને નિરીક્ષણ જેવા ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવેલ છે. આ સાથે દ્વિતીયક અથવા ગૌણ માહિતી મેળવવા માટે વિવિધ ગ્રંથાલયોના દસ્તાવેજી સ્ત્રોતોમાંથી ગુણાત્મક અને સંખ્યાત્મક માહિતી એકત્ર કરવામાં આવેલ છે. આ માટે પુસ્તકો, નોંધપોથી, સામયિકો, સંશોધન અહેવાલો, વિશ્વકોશો, શબ્દકોશો, જિલ્લા સર્વસંગ્રહો, વિવિધ સમાચાર પત્રો વગેરેમાંથી જરૂરી માહિતી મેળવવામાં આવેલ છે. સંશોધન ક્ષેત્રે કાર્યરત વિવિધ સંસ્થાઓના સંશોધન અહેવાલો, લેખો, સંશોધન પત્રો, જર્નલ્સ, પ્રકાશનો વગેરમાંથી અભ્યાસ સંબંધિત માહિતી મેળવેલ છે. આ સાથે સંબંધિત સરકારી વિભાગો અને કચેરીઓના ઠરાવો, પરિપત્રો, જાહેરનામાઓ, કાયદાઓ, નિમાયેલ સમિતિઓ કે પંચના અહેવાલો, વાર્ષિક કાર્ય અહેવાલો, કાર્યનોંધો વગેરે ઉપરાંત સંબંધિત સરકારી કે બિનસરકારી વિભાગો/સંસ્થાઓ, સંશોધન કે શૈક્ષણિક સંસ્થાઓની વિવિધ વેબસાઈટ તેમજ ડેટાબેઝ (SHODHGANGA, INFLIBNET, TRIBAL REPOSITORY) વગેરે પરથી જરૂરી ગુણાત્મક અને સંખ્યાત્મક ગૌણ માહિતી એકત્ર કરવામાં આવેલ છે.

**૧.૮ માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણઃ**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધન પધ્ધતિઓ અને માહિતી એકત્રીકરણના વિવિધ ઉપકરણો દ્વારા એકત્ર થયેલ માહિતીનું યોગ્ય વર્ગીકરણ અને વિશ્લેષણ કરવા માટે આંકડાશાસ્ત્રીય અને ગુણાત્મક પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે. માહિતીના વિવિધ સ્ત્રોતોમાંથી મળેલ વિશાળ માહિતીનું કાળજીપૂર્વક સંપાદન તથા સંકેતીકરણ કરીને કોમ્પ્યુટર (Excel Sheet)માં દાખલ કરીને સમાન વિભાગોમાં તેનું વર્ગીકરણ કરવામાં આવેલ છે. Excel Sheetમાં વર્ગીકૃત કરાયેલ આ માહિતીને SPSS (Statistical Package for the Social Sciences)માં Data Viewમાં ખોલીને તથા Variable Viewમાં જરૂરી Labels અને Values દાખલ કરીને

Analys Menuમાં આવેલ વિવિધ પ્રવિધિઓનો ઉપયોગ કરીને જરૂર મુજબના એકપરિમાણીય, દ્વિપરિમાણીય કે ત્રિપરિમાણીય કોષ્ટકો તેમજ આલેખો તૈયાર કરવામાં આવેલ છે. આ કોષ્ટકો કે આલેખોમાં દર્શાવવામાં આવેલ માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરી તારણો અને નિષ્કર્ષો તારવવામાં આવેલ છે, જે હવે પછી દર્શાવવામાં આવેલ છે.

**૧.૮ સંશોધનના તારણો અને નિષ્કર્ષઃ**

૧. સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ અને અમરેલી જિલ્લામાં વિચરતા સમુદાયોનો વસવાટ વધુ પ્રમાણમાં (૮૧.૮ %) જોવા મળે છે.

૨. અભ્યાસમાં સૌથી વધુ બજાણિયા જ્ઞાતિના ૬૯ (૨૮.૬ %) ઉત્તરદાતાઓ છે. ઉત્તરદાતાઓના જાતિવાર પ્રમાણમાં મોટા ભાગના ૨૦૭ (૮૫.૯ %) પુરુષ ઉત્તરદાતાઓ છે. આ સાથે તમામ ઉત્તરદાતાઓનો સમાવેશ ઓ.બી.સી. કક્ષા (અન્ય પછાત વર્ગો)માં થાય છે અને તમામ ઉત્તરદાતાઓ હિન્દુ ધર્મ પાળે છે.

૩. સૌથી વધુ ૨૧ થી ૪૦ વર્ષની વયના એટલે કે યુવાન વયના ઉત્તરદાતાઓ છે.

૪. વિચરતા સમુદાયોમાં પરંપરાગત સંસ્થા (કુટુંબ, જ્ઞાતિ, લગ્ન, ધર્મ)ઓનો ખૂબ પ્રભાવ જોવા મળે છે. મોટા ભાગના ૮૫.૫ % ઉત્તરદાતાઓ પરિણીત છે. અપરિણીત, છૂટાછેડા, ત્યક્તા અને પુનઃલગ્નનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળે છે, જે કુલ મળીને માત્ર ૩.૭ %નું પ્રમાણ ધરાવે છે. ૯૯.૬ % પરિવારમાં સગર્ભાવસ્થા દરમિયાન બાળકની જાતિ તપાસ કરાવેલ નથી.

૫. વિચરતા સમુદાયોમાં બાળલગ્નની સમસ્યા ઘણાં ગંભીર સ્વરૂપે જોવા મળે છે. ૯૩.૪ % ઉત્તરદાતાઓ પુત્રના લગ્ન ચૌદથી વીસ વર્ષની ઉંમરે અને ૮૫.૧ % ઉત્તરદાતાઓ પુત્રીઓના લગ્ન ચૌદથી સત્તર વર્ષની ઉંમરે કરે છે.

૬. વિચરતા સમુદાયોમાં કુટુંબ નિયોજન અંગેની જાગૃતિનો અભાવ જોવા મળે છે, આથી કુટુંબનું કદ ઘણું મોટું (૧૩ સંતાનો સુધીની સંખ્યા) જોવા મળે છે.

૭. વિચરતા સમુદાયોમાં શિક્ષણનું સ્તર ખૂબ નીચું છે. મોટા ભાગના ૭૭.૨ % ઉત્તરદાતાઓ નિરક્ષર છે. ઉત્તરદાતાના કુટુંબના સભ્યોમાં માત્ર ૧૦.૮ % માધ્યમિક, ૦.૮ % ઉચ્ચમાધ્યમિક અને ૦.૮ %એ સ્નાતક સુધીનું શિક્ષણ મેળવેલ છે.

૮. વિચરતા સમુદાયો આજે પણ બાળકોના શિક્ષણ અંગે ખાસ કાળજી લેતા નથી.

૯. વિચરતા સમુદાયો પૂરતા અને પોષણક્ષમ આહારથી વંચિત જણાય છે, જેની સીધી અસર આરોગ્ય પર થતી જોવા મળે છે.

૧૦. વિચરતા સમુદાયોમાં બાળજન્મ, બાળઉછેર, બાળકોની સંખ્યા (કુટુંબનું કદ) તથા આરોગ્ય અંગેની કાળજીમાં પરંપરાગત ખ્યાલોનો ઊંડો પ્રભાવ જોવા મળે છે, આથી તે અંગે ચિંતાજનક સ્થિતિ જોવા મળે છે.

૧૧. વિચરતા સમુદાયોમાં કુટુંબમાં કસુવાવડ, અધૂરા માસે થયેલ બાળજન્મ અને મૃત બાળજન્મોની સંખ્યાનું ઊંચું પ્રમાણ ૫૩.૯ % કુટુંબમાં જોવા મળે છે. બાળમૃત્યુનું પ્રમાણ ૫૧.૯ % કુટુંબમાં જોવા મળે છે. ૯ (૩.૭ %) ઉત્તરદાતાઓના પરિવારમાં સગર્ભાવસ્થા કે પ્રસુતિ દરમિયાન માતાઓના મૃત્યુ થયેલ છે. ૩૭.૩ % ઉત્તરદાતાઓના પરિવારમાં પુખ્તવયે અકસ્માત, માંદગી કે અન્ય કારણોસર મૃત્યુ થયેલ છે. ૨૨.૮ % ઉત્તરદાતાના પરિવારમાં હાલ ગંભીર બિમારી છે.

૧૨. વિચરતા સમુદાયોમાં વ્યસનોનું ઊંચું પ્રમાણ જોવા મળે છે.

૧૩. વિચરતા સમુદાયોમાં આર્થિક, સામાજિક મુશ્કેલીઓ કે જરૂરિયાતો સમયે આંતરિક પરસ્પર મદદ માટે જ્ઞાતિનું સુગઠિત વ્યવસ્થાતંત્ર જોવા મળે છે. જેમ કે તમામ

૧૦૦.૦ % ઉતરાદાતાઓ કુટુંબમાં લગ્ન દરમિયાન થતા ખર્ચ માટે કે આકસ્મિક જરૂરિયાતના સમયે સગા-સંબંધીઓ પાસેથી મળતા ઉછીના રૂપિયા પર આધાર રાખે છે અને ૬૩.૧ % ઉત્તરદાતાઓ પર કોઈ પણ પ્રકારનું દેવું નથી.

૧૪. બદલાતા સમાજમાં વિચરતા સમુદાયોના પરંપરાગત કલા-કૌશલ્યો આધારિત ધંધા-રોજગારોનું મહત્વ ઘટવાથી કે પ્રતિબંધિત થવાથી પરંપરાગત ધંધા-રોજગારો બંધ થઈ ગયા છે, કેટલાક બંધ થવાને આરે છે.

૧૫. વિચરતા સમુદાયોને ભૂતકાળની સરખામણીમાં વર્તમાન સમયમાં પરંપરાગત ધંધા-રોજગાર કરવામાં ખૂબ મુશ્કેલીઓ ઊભી થાય છે.

૧૬. મોટા ભાગના ૭૫.૯ % ઉત્તરદાતાઓ પોતાના પરંપરાગત ધંધાને પુનઃજીવિત કરવા ઈચ્છતા નથી.

૧૭. વિચરતા સમુદાયોના પરંપરાગત ધંધા-રોજગારો મંદ કે બંધ થવાથી તથા સ્થાયી સમાજ વ્યવસ્થામાં જીવન જીવવાથી જરૂરિયાતો, મોજ-શોખ, વ્યસનો કે દેખાદેખી વધવાને કારણે જીવનધોરણ વધુ ખર્ચાળ થવાથી આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી બની છે.

૧૮. વિચરતા સમુદાયો ઘણાં લાંબા સમયથી સ્થાયીકરણની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા છે, તેઓ સ્થાયી સમાજવ્યવસ્થાના એક ભાગ તરીકે સ્થાપિત થતા જોવા મળે છે. આજે તમામ ઉત્તરદાતાઓ સ્થાયી થયા છે, તેઓનું સરનામું નક્કી થયું છે.

૧૯. વિચરતા સમુદાયોના મોટા ભાગના ૬૦.૧ % લોકો હવે શહેરની ભાગોળે, શહેરમાં નદી વિસ્તાર કે શહેરથી થોડે દૂર તેમજ ૧૪.૫ % ગામની ભાગોળે, ગામથી થોડે દૂર કે જંગલ વિસ્તારમાં અસુરક્ષિત, અસ્વચ્છ અને પ્રાથમિક સુવિધાઓના તદ્દન અભાવવાળા સ્થળો પર વસવાટ કરે છે.

૨૦. ૨૧.૧ % ઉત્તરદાતાઓ સમાજની અસ્વીકૃતિ અને ઘોર નફરતને કારણે પોતાની અલગ વસાહતો-ગામ વસાવીને કે જંગલ વિસ્તારમાં વસવાટ કરે છે, જેમાં મુખ્યત્વે વાદી અને મદારી સમુદાયનો સમાવેશ થાય છે. આ અલગતા તેઓના સામાજિક-આર્થિક વિકાસ માટે બાધારૂપ બને તેમ છે.

૨૧. વિચરતા સમુદાયોમાં મોટા ભાગના પરિવારો પ્રાથમિક જરૂરિયાતો અને નાગરિક અધિકારોથી તદ્દન વંચિત જણાય છે.

૨૨. વિચરતા સમુદાયો આજે જ્યાં સ્થાયી થયા છે ત્યાં મોટા ભાગના ઉત્તરદાતાઓ અનેક મુશ્કેલીઓનો ભોગ બની રહ્યા છે, જેમ કે રહેઠાણ જમીનની માલિકીનો અભાવ, કાયમી-સ્થાયી રોજગારીનો અભાવ, એ.પી.એલ. રેશનકાર્ડ, સ્થાનિક તંત્ર અને લોકોનો અસહકાર કે અવરોધ વગેરે જેવી અનેક પ્રકારની મુશ્કેલીઓ તેઓના સર્વાંગિણ વિકાસમાં અવરોધક પરિબળ તરીકે ગંભીર અસરો ઊભી કરે છે.

૨૩. મોટા ભાગના ઉત્તરદાતાઓ પાસે નાગરિક તરીકેના અધિકારો કે લાભો મેળવવા માટે જરૂરી આધારો મળ્યા હોવાનું જણાય છે, પરંતુ વિચરતી જાતિ તરીકેનું જાતિ પ્રમાણપત્ર નથી, આથી તેઓ વિચરતી જાતિ તરીકેના વિશેષ લાભો મેળવી શકતા નથી.

૨૪. મોટા ભાગના ઉત્તરદાતાઓ પાસે પ્રાથમિક સુવિધાઓ બિલકુલ જોવા મળતી નથી, તેમ છતાં તેઓને એ.પી.એલ. રેશનકાર્ડ મળેલ છે, માત્ર ૧૯.૫ % ઉત્તરદાતાઓ પાસે બી.પી.એલ. રેશનકાર્ડ જોવા મળે છે. જાગૃતિનો અભાવ અને વિચરણને કારણે મોટા ભાગના ઉત્તરદાતાઓને રેશનકાર્ડ દ્વારા પૂરતી ચીજ-વસ્તુઓ નિયમિત રીતે મળતી નથી.

૨૫. બદલાતા સમાજમાં વિચરતા સમુદાયોની વિચરણ અંગેની વિભાવના વિચરણને

બદલે સ્થળાંતરણ તરીકે બદલાતી જોવા મળે છે.

૨૬. વિચરતા સમુદાયો સ્થાયી થવાથી કેટલાકને પ્રાથમિક સુવિધાઓ અને નાગરિક અધિકારો ધીમે ધીમે મળતા થયા છે, પરંતુ આ સુવિધાઓ અને અધિકારો મેળવવા માટે સમાજ અને કરકારી તંત્ર સામે કઠીન સંઘર્ષ કરવો પડે છે.

૨૭. વિચરતા સમુદાયોને નાગરિક અધિકારો મેળવવામાં સ્થાનિક આગેવાનો અને સ્થાનિક તંત્રનો યોગ્ય સહકાર મળતો નથી, ક્યારેક તો સહકાર આપવાને બદલે અવરોધો ઊભા કરવામાં આવે છે.

૨૮. ભૂતકાળમાં વિચરતા સમુદાયો સમાજ સાથે તાણાવાણાની જેમ ગુંથાયેલા હતાં. સમાજમાં તેઓનું ખૂબ મહત્વ હતું. આજે તેનાથી તદ્દન વિપરિત પરિસ્થિતિ જોવા મળે છે.

૨૯. મોટા ભાગે શાળા અને આંગણવાડીમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો દ્વારા ઉત્તરદાતાઓના બાળકો સાથે હકારાત્મક વર્તન વ્યવહાર કરવામાં આવે છે, પરંતુ વાદી સમુદાય પ્રત્યે લોકોમાં મોટા પાયે તિરસ્કાર હોવાથી તેઓ ગામમાં અથવા ગામની આસપાસ વસવાટ કરે કે ગામની સામાન્ય શાળામાં તેમના બાળકો અભ્યાસ કરે તેવું લોકો ઈચ્છતા નથી, આથી વાદી લોકોની અલાયદી વસાહતો અને શાળાઓ ચલાવવાની ફરજ પડે છે, જે આજના આધુનિક સમાજનું કલંક ગણી શકાય.

૩૦. વિચરતા સમુદાયો પોતાના હાલના જીવનથી સંતુષ્ઠ નથી, કારણ કે ૯૩.૮ % ઉત્તરદાતાઓને કાયમી-સ્થાયી ધંધો ન હોવાથી, ૭૮.૦ %ને સ્થળાંતર કે વિચરણ કરવું પડતું હોવાથી, ૬૯.૭ %ને મકાન ન હોવાથી, ૭૨.૧ %ને પીવાનું પાણી, ૪૫.૨ %ને વિજળી, ૭૯.૬ %ને સંડાસ-બાથરૂમની સુવિધા ન હોવાથી અને ૪૧.૫ %ને શાળાની સુવિધા ન હોવાથી, શાળા ખૂબ દૂર હોવાથી તથા રેશનકાર્ડ ન હોવાથી પોતાના હાલના જીવનથી સંતુષ્ઠ નથી.

૩૧. વિચરતા સમુદાયોમાં વિકાસ અને સુખમય જીવન માટે સરકાર પાસે ૯૫.૯ % ઉત્તરદાતાઓ સરકારી તંત્ર પાસે કાયમી અને સ્થાયી રોજગારી મેળવવામાં, ૮૮.૮ % વહેલામાં વહેલી તકે આવાસ અને પ્રાથમિક સુવિધાઓ મેળવવા માટે અને ૭૧.૪ % ધંધા માટે આર્થિક તથા સાધન સહાય મેળવવામાં મદદની અપેક્ષા રાખે છે.

**સંદર્ભ સૂચિઃ**


1. ENTHOVEN, R. (1990). THE TRIBES AND CASTES OF BOMBAY, VOL. I, II, III. New Delhi: ASIAN EDUCATIONAL SERVICES.
2. SINGH, K. S. (1995). The Scheduled Castes (Revised Edition). New Delhi: Oxford University Press.
3. Idate, B. R. (2017). Report of National Commission for Denotified, Nomadic and Semi-Nomadic Tribes. Delhi: National Commission for Denotified, Nomadic and Semi-nomadic Tribes.
4. Renke, B. S. (2008). Report of National Commission for Denotified, Nomadic and Semi-Nomadic Tribes, Vol.-I, II . Delhi: Government of India.
5. लवलेशकुमार मिश्र, ए. भ. (२००२-०३). वादी जाति का संक्षिप्त नृजातीय अध्ययन. भोपाल: आदिमजाति अनुसंधान संस्थान, मध्यप्रदेश.
6. આચાર્ય, અ. (૨૦૦૬). સરનામા વગરના માનવી. અમદાવાદ: જનપથ.
7. જાદવ, જ. (2000). બજાણિયો. ગુજરાતી વિશ્વકોશ (ખંડ-૧૩, બ - બો). અમદાવાદ: ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ. pp. 34-35
8. ઠા. ભા. નાયક, સ. સ. (૧૯૭૯). બે મનનો. અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ.
9. પટેલ, મ. (૨૦૦૬). ગુજરાતના વિચરતા-વિમુક્ત સમુદાયો. અમદાવાદ: વિચરતા સમુદાય સમર્થન મંચ.
10. પરીખ, સ. ડ. (૧૯૯૭). ગુજરાત રાજ્યમાં અન્ય પછાત વર્ગોનું કલ્યાણ. અમદાવાદ: નવસર્જન પબ્લિકેશન.
11. યાજ્ઞિક, અ. (૧૯૯૦). મંડલ પંચની ભલામણો. અમદાવાદ: ગુજરાત ખેત વિકાસ પરિષદ.

ઠાકોરભાઈ નાયક, ડ. ગ. (૧૯૯૨). નાયક બજાણિયા જાતિ તપાસ અહેવાલ. અમદાવાદ: આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ.